રે. દિ. મુ. નં. ૨૮/૨૦૨૧

**<u>પ્રતિવાદી નં.–૧ ની આંક–૬૦ ની સ્થળ સ્થિતીનું કોર્ટ કમિશ્નર દવારા રોજકામ તથા રફ નકશો થવા અંગેની અરજી તળે હુકમ</u>**

<u>વાદી તરફે વિ. વ. શ્રી એસ. કે. વાજા</u>

<u>પ્રતિવાદી નં. –૧ તરફે વિ. વ. શ્રી ડી. પી. સોલંકી</u>

<u>પ્રતિવાદી નં. – ૨, ૩ તરફે વિ. વ. શ્રી આર. એસ. મુછાળ</u>

(૧) આ કામે પ્રતિવાદી નં.–૧ દવારા હાલના કામે આંક–૬૦ થી કોર્ટ કમિશ્નર નિમવાની અરજી રજુ રાખી અરજી મુજબ વાદવાળી જમીન / મિલકતનું કમિશન કરવા માટે કોર્ટ કમિશ્નરની નિમણુંક કરી તે અંગે જરૂરી નોંધ, નકશો, પંચનામું નામદાર કોર્ટમાં રજુ કરે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

ત્યારબાદ વાદી દવારા આંક–૬૨ થી સદર અરજી સામે લેખીતમાં વાંધા જવાબ તથા પ્રતિવાદી નં.–૧ દવારા આંક–૬૪ થી લેખીત દલીલ વંચાણે લીધી.

(૨) પ્રતિવાદી નં. – ૧ ની હાલની અરજી વંચાણે લેતા તેઓ સ્વખર્ચે વાદગ્રસ્ત જગ્યાનું પંચ રોજકામ કરાવવા માંગે છે કે જેનાથી સત્ય હકીકત રેકર્ડ પર આવી શકે અને તકરારી જમીન / મિલકતની સ્થિતી પણ રેકર્ડ પર આવી શકે. આ કામે પ્રતિવાદી નં.–૧ ની હાલની અરજી મુજબ સત્ય હકીકત રેકર્ડ પર લાવવા પ્રતિવાદી નં. – ૧ ની હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય આવતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

(૧) પ્રતીવાદી નં. – ૧ ની હાલની આંક – ૬૦ ની કોર્ટ કમીશ્નર મારફતે રોજકામ તથા રફ નકશો કરવવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) સદરહુ દાવાનાં કામે તમામ પક્ષકારોને નોટીસ દ્વારા અગાઉથી જાણ કરીને વાદવાળી ખેતીની જમીન સર્વે નંબર – ૯૦૬, ખાતા નંબર – ૩૨૪ વાળી

જેની પુર્વે – પડતર જમીન આવેલી છે.

પશ્ચીમે – પઠાણભાઈ વાડી જમીન આવેલ છે.

ઉત્તરે – કોયલી મોઢ તરફ જવાનો રસ્તો આવેલ છે.

દક્ષીણે – નથુભાઈ માંડાભાઈની જમીન આવેલી છે.

ઉપરોકત જમીનનું રોજકામ તથા રફ નકશો તથા રીપોર્ટ પક્ષકારો તથા પંચોની હાજરીમાં તૈયાર કરી મુદત તારીખ ૬/૬/૨૦૨૩ સુધીમાં રજુ કરવાનો હુકમ કરવામ આવે છે.

(૩) પ્રતીવાદી નં. – ૧ (અરજદારે) રૂ. ૪,૦૦૦/– (અંકે રૂપીયા ચાર હજાર પુરા તથા પ્રોસેસ ફી ભર્યે થી કમીશ્નર પત્ર ઈશ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૦૪, માહે – મે, સને – ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE : 04/05/2023

VANTHALI

(ASIF MOHHEMMADHABIB MEMON)

(GJ 01251)

ADDITIONAL CIVIL JUDGE

VANTHALI